કાતરની ચોરી કરે, કરે
સોયનું દાન... ઉપર ચડી
જોયા કરે, કેમ ન આવ્યું
વિમાન
- વિપીન પરીખ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૨૨ | ૫ ફેબ્રુઆરી, ૨૦૧૫, ગુરૂવાર ; મહા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સિવિલમાં બાળકો માટે ઈન્ટેન્સીવ કેર યુનિટ બનશે

## ૬ બેડની સુવિધા સાથે આ અલાયદો વોર્ડ બનશે : બે નવા લેબર રૂમ પણ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાળકો માટે અલાયદુ ઈન્ટેન્સીવ કેર યુનિટ અત્યંત આધુનિક સુવિધાઓથી સજ્જ હશે. હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ઈન્ટેન્સીવ કેર યુનિટ એ તદ્દન નવા વિભાગ તરીકે ગાંધીનગરમાં બનાવાવમાં આવી રહ્યો છે. આ માટેની તડામાર તૈયારીઓ પણ હાલ ચાલી રહી છે અને આગામી એકાદ પખવાડિયામાં તે તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવશે.

દરમિયાન હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાયેનેક વોર્ડ અને જનરલ સર્જરી માટેના વોર્ડનું વિસ્તરણ કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ગાયનેક વોર્ડમાં એક લેબર રૂમ છે તેનો વિસ્તાર કરવામાં આવશે. અન્ય બે નવા લેબર રૂમો બનાવવામાં આવી રહ્યા છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પ્રસુતિની સંખ્યાઓને ધ્યાને રાખી આ વોર્ડના વિસ્તૃતિકરણ તેમજ વધુ બે લેબર રૂમની જરૂરિયાત હોવાનું જણાવી આ અંગેની ક્ષતિ પણ મેડીકલ કાઉન્સીલની ઈન્સ્પેક્શન ટીમે રજુ કરી છે. આ બે નવા લેબર રૂમ પણ આગામી ૧૦ દિવસમાં તૈયાર કરી દેવામાં આવશે.

હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલના નવી હોસ્પિટલના વધુ બે મજલાનો હવાલો સોંપવામાં આવી રહ્યો છે અને અહિયાં વોર્ડ તબદીલ કરવામાં આવી રહ્યા છે. જેથી જુના સંકુલમાં જ નવા બે લેબર રૂમ ઝડપથી તૈયાર કરી દેવામાં આવશે.

નવા સંકુલમાં જે બે ઓપરેશન થિયેટર તૈયાર થઈ ગયા છે તે પણ જંતુ મુક્ત કરી અને એકાદ સપ્તાહમાં કાર્યરત કરી દેવામાં આવનાર છે.

# જિલ્લાના ૪૦ ગામો આજે પણ બેકિંગ સુવિધાથી વંચિત!!

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના ૪૦ જેટલા ગામો હજુ પણ એવા છે જયાં બેંકોની સેવા સુવિધા ઉપલબ્ધ નથી.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ માર્ચ ૨૦૧૫ સુધીમાં તમામ ગામોને બેકિંગ સેવાથી સાંકળી લેવા માટેના આદેશો જારી કર્યા હતા. બેંકો હવે કેટલાક ગામોમાં બીઝનેશ કોરસ્પોન્ડન્ટ મુકી અને બેકીંગ સેવાથી સાંકળવાનો પ્રયાસ કરી રહેલ છે.

બીજી તરફ કેન્દ્ર સરકારે જન ધન યોજના અંતર્ગત તમામ પરિવારોને બેંક એકાઉન્ટ સેવાથી સાંકળવાના કરેલા આદેશ પછી હવે સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને તેમાં ઘણા બધા પરીવારો છુટી ગયાનું ધ્યાને આવી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્વરોજગારની યોજનામાં પરિવર્તનના સંકેતો

ગાંધીનગર, તા. ૪

રાજ્ય સરકાર સ્વરોજગાર યોજનાઓમાં આમૂલ પરિવર્તન કરવા સક્રિયતાથી વિચારણા કરી રહેલ છે અને આ માટે અધિકારી કક્ષાએ આ અંગેનો એક અહેવાલ તૈયાર કરવા માટે જણાવાયુ છે.

રાજય સરકાર દ્વારા સ્વરોજગારીની જે યોજનાઓ અમલમાં છે તેમજ જુદા જુદા બોર્ડ નિગમની જે યોજનાઓ છે તેના વર્તમાન માળખાઓમાં પણ ફેરફાર કરવા જઈ રહી છે.

બેંકો દ્વારા પણ અરજીઓના નિકાલમાં થઈ રહેલા વિલંબને ધ્યાને લઈ સરકાર દ્વારા અલગથી વિચારણા કરવામાં આવી રહી છે.

બેંકો પણ ધિરાણ બાદ રિકવરીનો મુદ્દો આગળ ધરી રહી છે ત્યારે સરકાર હવે આવી યોજનાઓમાં આમૂલ પરિવર્તન કરવા માંગે છે. જિલ્લાઓમાં રિકવરીના કેસોની સંખ્યામાં જે રીતે વધારો થઈ રહ્યો છે તેનાથી જિલ્લાતંત્ર અને બેંકોની કામગીરી વધી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ગત પખવાડિયે અધિકારી કક્ષાએ બેંકો સાથે એક બેઠક પણ યોજવામાં આવી હતી. આગામી સપ્તાહમાં વધુ એકાદ બેઠક બાદ આ અંગે આખરી અહેવાલ તૈયાર કરી દેવામાં આવશે.

હાલ રાજયમાં ૮ થી વધુ સ્વરોજગારીની યોજનાઓ અમલમાં છે. તેમાંથી એકાદ-બે રદ કરી એકાદ નવી યોજના પણ અમલમાં આવી શકે છે.


(તસવીર : દિપક જાની)

સાયન્સ ટ્રેન - ગાંધીનગર રેલવે સ્ટેશન પર વિજ્ઞાન મેળો જામ્યો છે... વિજ્ઞાનના અવનવી માહિતી અને પ્રયોગોથી ભરપૂર વિજ્ઞાન ટ્રેન વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષે છે... ભારત સરકારના વિજ્ઞાન ટેકનોલોજી વિભાગ દ્વારા દેશભરમાં ઘુમતી વિજ્ઞાન ટ્રેન ગાંધીનગર આવી પહોંચતા નગરની શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ૧૧ કોચમાં જ્ઞાન-વિજ્ઞાનની વાતોનો ભંડાર છે... સુંદર રીતે સમજાવવાની શૈલીથી નવા સંશોધનો આવતીકાલને કેવી સજ્જ બનાવશે એના સંકેતો આપે છે... વિજ્ઞાનના પ્રયોગોની નાની-મોટી વાતોથી વિદ્યાર્થીઓને માહિતીના ભંડારની અનુભૂતિ થાય છે...

# ગાંધીનગર-અમદાવાદમાં શરૂ થનાર કેબ ઓપરેટરો માટેના નિયમો નિયત કરાયા

## ઈલે. મીટર અને ડ્રાયવરનો ડ્રેસ કોડ તેમજ જંતુમુક્ત વાહનની શરતો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર-અમદાવાદમાં શરૂ થઈ રહેલી કેબ સર્વિસીઝ માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયા બાદ તે અંગેના નિયમોને પણ વાહન-વ્યવહાર વિભાગે આખરી ઓપ આપી દીધો છે અને તેની પ્રસિદ્ધિ એકાદ-બે દિવસમાં કરી દેવાશે.

મળતી વિગતો પ્રમાણે જે નિયમો બનાવવામાં આવ્યા છે તેમાં ડ્રાયવરની ફરજ ઉપરાંત ડ્રાયવરનો ડ્રેસ કોડ, જી.પી.એસ. સિસ્ટિમ ફીટ કરેલી હોવી જોઈએ સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

વાહન-વ્યવહાર વિભાગના સૂત્રોમાંથી જણાવ્યા અનુસાર કેબ ટેક્ષી માટે ૭૫૦ સીસીનું એન્જીન હોવુ જરૂરી છે એટલુ જ નહિ તે સીએનજી કીટ સાથેનું ફરજીયાત છે. વાહનમાં લગેજ માટે લગેજ સ્ટેન્ડ પણ હોવુ ફરજીયાત કરવામાં આવ્યું છે.

કેબ ટેક્ષી માટેનું વાહન ત્રણ વર્ષથી વધુ જુનુ હોવુ જોઈએ નહિ. આ કેબ માટે ઈલેક્ટ્રીક મીટર લગાવવાનું રહેશે. જે ગ્રાહકોને દેખાતુ હોવુ પણ જરૂરી છે. જેમાં ભાડુ પણ ડિસ્પ્લે થતુ હોવુ જોઈએ.

ડ્રાયવર માટે સીટી ટેક્સીનો બેઝ લેવો ફરજીયાત રહેશે. આ સીટી ટેક્સી બેઝની ડિઝાઈન પણ તૈયાર થઈ ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે જે આર.ટી.ઓ. દ્વારા આપવામાં આવશે. ડ્રાયવરનું પોલીસ વેરીફીકેશન પણ કરાવવાનુ રહેશે તેમજ ડ્રાયવર માટે ડ્રેસ કોડ પણ નિયત કરાયો છે. ડ્રાયવરે ભુરા રંગના કપડાં જ ધારણ કરવાના રહેશે.

કેબમાં વધુમાં વધુ ચાર મુસાફરોને જ બેસાડી શકાશે. એટલુ જ નહિ વાહન જંતુમુક્ત અને સ્વચ્છ હોવુ જરૂરી છે. ડ્રાયવરે જે જગ્યાએ મુસાફરે જવાનુ હશે ત્યાં જ છોડવાના રહેશે. રસ્તામાં કેબ બગડે તો પણ મુસાફરોને નિયત સ્થળે પહોંચાડવાની જવાબદારી ડ્રાયવરની જ રહેશે.

# રાજયમાં સ્વાઈન ફલુનો આતંક યથાવત

## સત્તાવાર રીતે સુરતમાં બે, વડોદરામાં બે, ભુજમાં એકનું મોત : રાજયમાં ૬૦થી વધુ નવા કેસ સપાટીએ આવ્યા

અમદાવાદ, તા. ૪

ગુજરાતભરમાં સ્વાઈન ફલુનો ભરડો જોવા મળી રહ્યો છે. સ્વાઈન ફલુ અથવા તો એચ૧એન૧ વાયરલ રોગના કારણે આજે રાજ્યભરમાં વધુ પાંચ લોકોના મોત થયા છે. જે પૈકી સુરતમાં બે, વડોદરામાં બે અને ભુજમાં એક વ્યક્તિનું મોત થયું છે. જો કે, બિન સત્તાવારરીતે આઠ લોકોના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. ગુજરાતમાં સ્વાઈન ફલુના કારણે હજુ સુધી ૫૩ લોકોના મોત થઈ ચુક્યા છે. પહેલી જાન્યુઆરી બાદથી આંકડા ઉપર નજર કરવામાં આવે તો કુલ કેસોની સંખ્યા વધીને ૪૧૫ ઉપર પહોંચી ચુકી છે. ૧૬૨ લોકોને સારવાર આપવામાં આવી ચુકી છે. જ્યારે ૨૦૦થી વધુ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ હોવાની માહિતી મળી છે. આજે કુલ ૬૦ નવા કેસો નોંધાયા હતા જેમાં અમદાવાદના ૧૬ કેસનો પણ સમાવેશ થાય છે. કચ્છમાં ૧૭, સુરત ૮, વડોદરામાં પાંચ, અમરેલી, આણંદ, બનાસકાંઠા, મહેસાણામાં બે-બે કેસ નોંધાયા હતા. સ્વાઈન ફલુના લીધે તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સ્વાઈન ફલુએ આતંક મચાવેલો છે.

● અનુસંધાન પાન-૭ પર

Roman Valley
રોમન વેલી
2 BHK ફ્લેટ
ફુલ્લી રેડી પઝેશન
૧૨.૫૦ લાખથી શરૂ...
NA NOC - TITLE CLEAR
Bank Loan Available
M: 98255 76583

ભેજનું 100% નિવારણ
૫ વર્ષની ગેરંટી
HOME SOLUTION
9558189429

સ્પેશ્યલ ઓફર
ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂા. ૧૫૧/-*
પ્રતિ ગ્રામ
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
સેટ, પાટલા, ચેન, લકી, મંગલસુત્ર, કાનસેર, બુટ્ટી, વીંટી, પેન્ડલ, કડી
(શેરથાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
ગુજરાત સરકાર દ્વારા
પ્રતિનિધિઓ અને પ્રદર્શનકારોનો
ઉષ્માભર્યો આવકાર
PLASTINDIA 2015
9th International Plastics Exhibition & Conference
ફેબ્રુઆરી ૫-૧૦, ૨૦૧૫
પ્રદર્શન
પ્રદર્શન મેદાન
સેમિનાર
મહાત્મા મંદિર
ગાંધીનગર, ગુજરાત.
શ્રીમતી આનંદીબેન પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
Big Event
Better Venue
Best Opportunity